ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૭.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૫૭ ટકા

# લોકડાઉનમાં કંટાળેલા ગાંધીનગરાઓ હરવા-ફરવા ઉપડયા

**અંબાજી-મહુડીમાં ગાંધીનગરાઓની ભારે ભીડ : કેટલાક વસાહતીઓ પોળો પહોંચ્યા : વરદાયિની માતા મંદિર અને વાસણિયા મહાદેવ મંદિરે પણ ભીડ**



ગાંધીનગર, તા.૨૭
માર્ચ-એપ્રિલ-મે માસમાં વધેલા કોરોનાના કેસ બાદ રાજયમાં ઘણા પ્રતિબંધો લાદવામાં આવ્યા હતા. હવે કોરોનાના કેસ સાવ ઘટી ગયા છે ત્યારે ગાંધીનગરાઓ આસપાસ આવેલા હરવાફરવાના સ્થળોએ ઉમટી પડયા છે. નાના-મોટા મંદિરોમાં ભારે ભીડ જોવા મળી રહી છે.

કોરોનાની બીજી લહેર શાંત પડતાં ઘરમાં પુરાઈ રહેલા વસાહતીઓ હરવા ફરવા નીકળી પડયા છે. માર્ચ-એપ્રિલ માસમાં કોરોનાના હજારો કેસ સામે આવતા રીતસર અંધાધૂંધી ફેલાઈ હતી. રાજય સરકારે ઘણા બધા પ્રતિબંધો મુકી દીધા હતા. હરવા ફરવાના તમામ સ્થળો, જાહેર સ્થળો અને મંદિરો બંધ કરી દેવાયા હતા. શોપીંગ સેન્ટરો અને બજારો પણ બંધ હોવાથી લોકોને ફરજીયાત ઘરમાં જ પુરાઈ રહેવું પડયું હતું. ઘણા મહિનાઓ સુધી વસાહતીઓ ઘરની બહાર નીકળ્યા ન હતા.

આખરે કોરોનાની બીજી લહેર શાંત પડતાં જ વસાહતીઓએ હાશ અનુભવી છે. કોરોનાનો ડર ઓછો થઈ ગયો છે. ઘણા વસાહતીઓએ રસી લઈ લીધી હોવાથી તેઓ બહાર નીકળવાની હિંમત કરી રહ્યા છે. શનિ-રવિની રજાઓ દરમિયાન વસાહતીઓ નજીકના સ્થળળોએ હરવા ફરવા જઈ રહ્યા છે. આબુ-અંબાજી હોટસ્પોટ બની રહ્યા છે. આ ઉપરાંત એક દિવસની ટૂર-પીકનીક માટે મહુડી જવાવાળો વર્ગ પણ મોટો છે. ગાંધીનગરની નજીક આવેલા વાસણિયા મહાદેવ મંદિર અને રૂપાલના વરદાયિની માતાના મંદિરે દર્શનાર્થીઓ ઉમટી પડયા હતા.

હાલમાં જ સારો એવો વરસાદ પડયો હોવાથી પોળોના જંગલોએ પણ નવું સૌંદર્ય ધારણ કર્યું છે. અહીં ઠેર ઠેર ઝરણાંઓ નીકળતા તેને માણવા કેટલાક વસાહતીઓ પોળો પણ પહોંચી ગયા છે. નાની મોટી પીકનીકના કાર્યક્રમો આ શનિ-રવિ દરમિયાન ગોઠવાયા છે. યુવાનો પોતાના ગ્રુપ સાથે તો કેટલાક પોતાના પરિવારજનો અને મિત્રોના પરિવારો સાથે હરવા ફરવા ઉપડી ગયા છે. ગાંધીનગર શહેરમાં આવેલા હરવા ફરવાના સ્થળો જેવા કે સરિતા ઉદ્યાન, સ્વર્ણિમ પાર્ક ઉદ્યાન ઉપરાંત અન્ય બગીચાઓમાં પણ ભારે ભીડ જોવા મળી હતી.

# બીએસએફ કેમ્પસમાં આંતરરાષ્ટ્રીય નશા વિરોધી દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૨૭
ગાંધીનગર ખાતેના સીમા સુરક્ષા દળના ગુજરાત ફ્રન્ટીયર એકમ ખાતે શનિવારે આંતરરાષ્ટ્રીય નશા વિરોધી દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં સીમા સુરક્ષા કર્મીઓ દ્વારા સમગ્ર કેમ્પસમાં વિવિધ સ્થળે બૅનર્સ તથા પોસ્ટર્સ લગાડીને નશાખોરી વિરુદ્ધ જાગૃતિ ફેલાવવા માટે પ્રયાસ કરવામાં આવ્યો હતો.




અત્રે ઉલ્લેખનીય છે કે આંતરરાષ્ટ્રીય નશા વિરોધી દિવસ ગેરકાયદેસર નશીલી દવાઓના સેવન તથા તેના દુરુપયોગ વિરુદ્ધ તેમજ તેનાથી સર્જાતી ગંભીર પ્રકારની શારીરિક તથા માનસિક સમસ્યાઓ પ્રત્યે જાગૃત્તિ ફેલાવવા માટે ઉજવવામાં આવે છે. સીમા સુરક્ષા દળ દ્વારા સતત તેમના કર્મીઓને જાગૃત કરતું આવ્યું હોવાને કારણે સીમા પ્રહરીઓ આ પ્રકારની અવૈધ નશાખોરીથી દૂર રહેવા પામ્યાં છે. યુવા પેઢીમાં ફેલાતા આ દૂષણને કારણે સમાજ તેમજ રાષ્ટ્ર નબળાં પડી રહ્યાં છે તેવા દુષણ પ્રત્યે જાગૃતિ ફેલાવવા માટે સીમા સુરક્ષા દળ દ્વારા નાગરિકોને સંકલ્પ લેવા માટે આહવાન કર્યું છે કે દરેકે આ પ્રકારની અવૈદ્ય નશાખોરી અને કોઈ પણ પ્રકારના માદક દ્રવ્યોના સેવનથી દૂર રહેવું જોઈએ અને સૌએ જવાબદાર બની સુરક્ષિત તથા સ્વસ્થ રહેવું જોઈએ.

# વાવોલના રહેણાંક વિસ્તારમાં એસબીઆઈનું એટીએમ કેન્દ્ર લાંબા સમયથી બંધ..!

ગાંધીનગર, તા.૨૭
ગાંધીનગરના વાવોલ ખાતે કિર્તીધામ સોસાયટી સામે વિકસાવાયેલા ગુડાને શોપિંગ કોમ્પ્લેક્સમાં એસબીઆઈ બેંકનું એટીએમ કેન્દ્ર ઘણા લાંબા સમયથી બંધ હોવાને કારણે આ વિસ્તારના નાગરિકોને પરેશાનીનો ભોગ બનવું પડી રહ્યું છે. વાવોલ - ઉવારસદ રોડ ઉપર છેલ્લા કેટલાંક વર્ષોમાં અનેક રહેણાંક સોસાયટીઓનો ખાસ કરીને ફ્લેટ-એપાર્ટમેન્ટ જેવી સ્કીમોનો વિકાસ થયો હોવાથી અહીં નોકરિયાત વર્ગના પરિવારોનો વસવાટ ખૂબ મોટી સંખ્યામાં વધ્યો છે જેમની મહેનતથી આવક પગાર સ્વરૂપે બેંક ખાતામાં જમા થતી હોય છે અને જરૂર પડે તે મુજબ તેઓ એટીએમ કાર્ડ દ્વારા તેનો ઉપાડ




કરતા હોય છે. જ્યારે આ કૉમ્પ્લેક્સમાં એટીએમ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું ત્યારે આ વિસ્તારની જનતામાં આનંદ પ્રસર્યો હતો પરંતુ લાંબા લાંબા સમયથી આ એટીએમ કેન્દ્ર બંધ હોવાને કારણે નાગરિકોને નિરાશા સાંપડવા પામી છે. અત્યારે કોરોના મહામારીના સમયમાં કોઈપણ પરિવારને ગમે ત્યારે નાણાંની જરૂર પડી શકે છે તેવા સમયે જો એટીએમ કેન્દ્ર બંધ હોવાથી નાગરિકોને જરૂરિયાત મુજબના નાણાં ઉપાડવા માટે દૂર સુધી લાંબા થવું પડે છે કેમ કે નજીકમાં બીજું કોઈ એટીએમ કેન્દ્ર નથી જેના કારણે આ એટીએમ કેન્દ્ર સત્વરે ચાલુ થાય તેવી આ વિસ્તારની જનતામાં માંગ ઉઠવા પામી છે.

# મોટી આદરજ ગામેથી બાજી માંડીને બેઠેલા ૪ શકુની ઝડપાયા

ગાંધીનગર, તા.૨૭
ગાંધીનગર નજીક આવેલા મોટી આદરજ સ્થિત કલ્યાણના પરા વિસ્તારમાંથી જુગાર રમતા ચાર શકુનીઓને પેથાપુર પોલીસે દબોચી લીધા હતા. પોલીસે અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૭૧૮૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર પોલીસ મથકના સ્ટાફના જવાનો પેટ્રોલીંગ કરી રહયા હતા તે દરમિયાન તેઓને બાતમી મલી હતી કે કલ્યાણજીના પરા નજીક આવેલા તળાવ પાસે જુગાર રમાય છે. જેથી પોલીસ જવાનો તાત્કાલીક સ્થળ પર પહોંચી ગયા હતા અને જોયુ તો કેટલાક શખ્સો ગોળ કુંડાળુ કરીને બેસીને બાજી માંડીને બેઠા હતા. પોલીસને જોઈને જુગારીઓમા 'દોડધામ મચી જવા પામી હતી.પોલીસે જુગાર રમતા આદરજ ગામના અશ્વિન ચહેરાજી ઠાકોર, નરેશજી ઝેણાજી ઠાકોર, કલાજી અમરાજી ઠાકોર અને સિધ્ધરાજસિંહ પોપટજી ઠાકોર હોવાનું સામે આવ્યું હતું.પેથાપુર પોલીસે ચારેય શખ્સો પાસેથી રૂ. ૭૧૮૦ રોકડ જપ્ત કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. દંતાણી નરેશભાઈ અમરતભાઈ, ઉ.વ. ૩૬, સે-૧૩, છાપરાં
- સ્વ. રાઠોડ હંસાબા જગતસિંહ, ઉ.વ. ૬૭, સીતવાડા, પ્રાંતિજ

## જન્મદિને વધામણી



**ડો. હિમાંશુ પટેલ**
મહામંત્રી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ
પૂર્વ ચેરમેન, ગાંધીનગર નાગરિક સહકારી બેન્ક
મો. ૯૮૨૫૦ ૨૭૭૨૧



**પિનાકીન વ્યાસ**
સંગીતજ્ઞ, કલાગુરુ
મો. ૯૮૭૯૭ ૪૧૯૯૪



**ડો. હર્ષદ બ્રહ્મભટ્ટ**



**ધ્રુવ પટેલ**
મો. ૮૧૫૪૯ ૧૩૦૩૫

# સોશિયલ મિડીયાના સશક્ત સકારાત્મક ઉપયોગથી નવી રાહ ચીંધતો યુવાન

**પોતાને થયેલા કોરોના સંક્રમણને પગલે સોફટવેર એન્જિનિયર યુવાનને જરૂરિયાતમંદોને મદદરૂપ થવાનો વિચાર આવ્યો : વર્ચ્યુઅલ પ્લેટફોર્મ બનાવી કોરોનાની બીજી લહેરમાં વિવિધ રાજ્યોના અનેક દર્દીઓને મદદરૂપ થયો : તેની ટીમ 'યમન કલ્યાણ' અત્યારે અનાજ કરિયાણાની કીટ પુરી પાડી રહી છે**

ગાંધીનગર, તા.૨૭
માનવીના જીવન પર ડિજિટલ ક્રાંતિએ ખૂબ મોટી અસર ઉભી કરી છે, તેમાં પણ સોશિયલ મીડિયાના આગમન પછી કે ખૂબ જ ઝડપથી સામાજિક જીવનનું મહત્ત્વનું અંગ બનતું જઈ રહ્યું છે. સોશ્યલ મીડિયાના દુરુપયોગ તથા યુવા પેઢીના તેના પર સતત વધી રહેલા અવલંબનને કારણે અનેક સમસ્યાઓ પણ ઊભી થવા પામી છે જે સોશિયલ મીડિયાનો વિરોધ પણ થઈ રહ્યો છે. જોકે દરેક વ્યવસ્થાની સારી અને ખોટી બન્ને બાજુઓ હોય છે તેમ સોશ્યલ મીડિયાનો સકારાત્મક ઉપયોગ કરીને અનેકના જીવનમાં પરિવર્તન લાવવાનું તથા દૂરદરાજ સુધીના જરૂરિયાતમંદોને મદદરૂપ થવાનું કાર્ય પણ આ માધ્યમથી ઘણા યુવાનો સુપેરે કરી રહ્યાં છે. ગાંધીનગરના આવા જ એક યુવાન આઈટી એન્જિનિયર શાલીન ગાંધીએ કોરોના મહામારીની અત્યંત ઘાતક બનેલી બીજી લહેરમાં દેશભરના અનેક રાજ્યોમાં એક હજારથી વધુ નાગરિકોને સોશિયલ મીડિયાના માધ્યમથી અણીના સમયે મદદ પહોંચાડી પ્રસંશનીય કાર્ય કરી દેખાડ્યું છે.

ગાંધીનગરના વાવોલ વિસ્તારમાં પર રહેતા શાલીન ગાંધી નામના યુવાન મુંબઈની આઈટી કંપનીમાં સોફ્ટવેર એન્જિનિયર તરીકે કાર્યરત છે. આ ઉપરાંત તે ખુબ લાંબા સમયથી બ્લોગ રાઈટર તરીકે પણ સોશિયલ મીડિયામાં સારું એવું પ્રભુત્વ ધરાવે છે જેના પગલે સોનુ નિગમથી માંડીને જાણીતા સંગીતજ્ઞ પદ્મ વિભૂષણ સ્વ. ઉસ્તાદ ગુલામ મુસ્તફાખાનના પરિવારજનો રબ્બાની મુસ્તફાખાન અને નમ્રતા ગુપ્તા ખાન સહિતની ઘણીબધી સેલિબ્રિટી પણ તેના વર્ચ્યુઅલ સંપર્કમાં છે. કોરોના મહામારીને કારણે વર્ક ફ્રોમ હોમ કરી રહેલા શાલીન ગાંધી કોરોના મહામારીની બીજી લહેર દરમ્યાન ગત એપ્રિલ




માસમાં જ્યારે કોરોના પોઝિટિવ થઈને હોમ આઈસોલેટ હતો ત્યારે પ્રવર્તમાન સ્થિતિમાં કદાચ પોતાની તબિયત વધુ લથડે તો હોસ્પિટલમાં દાખલ થવા માટે બેડની વ્યવસ્થા થઈ શકે તે માટે સોશિયલ મિડીયાના માધ્યમથી જાણકારી મેળવી રહ્યાં હતા ત્યારે તેમને વિચાર આવ્યો કે જે નાગરિકો જરૂરીયાતમંદ વર્ગના છે અને સોશ્યલ મીડિયાથી ઘણા દૂર છે કે તેઓને આ પરિસ્થિતિમાં મદદરૂપ થવું જોઈએ. સદભાગ્યે તેમને હૉસ્પીટલમાં દાખલ થવાની નોબત આવી નહીં પરંતુ તેમને સ્ફુરેલા વિચારે તેમણે સોશિયલ મીડિયામાં પોતાના સંપર્કોના આધારે દર્દીઓને હૉસ્પિટલમાં બેડ મેળવવાથી માંડીને ઓક્સિજન, વેન્ટિલેટર તેમજ











જરુરી દવાઓ ઈન્જેકશનો વગેરેની માહિતી પુરી પાડવાનું તેમજ તે મેળવવામાં પડતી તકલીફોમાં મદદરૂપ થવાનું શરૂ કર્યું હતું. ધીરે ધીરે તેમણે દેશના વિવિધ રાજ્યોમાં એક વર્ચ્યુઅલ નેટવર્ક બનાવી દીધું અને તેમને વિવિધ સ્થળોના અનેક સ્વયંસેવકોનો સાથ મળવા લાગ્યો હતો. આ ઉપરાંત રબ્બાની મુસ્તુફાખાન અને નમ્રતા ગુપ્તા ખાનની પણ આ કાર્યમાં પ્રોત્સાહન સાથે મદદ પ્રાપ્ત થઈ રહી હતી. આ નેટવર્કની મદદથી તેમણે ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ તથા ઉત્તર પ્રદેશ જેવા રાજ્યોમાં જ્યાં કોરોનાની બીજી લહેર અત્યંત ઘાતક બની રહી હતી ત્યાં દર્દીઓને વહીવટીતંત્ર, સત્તાધિશોનો સંપર્ક કરીને અથવા સ્વૈચ્છિક સંસ્થાઓ અને સ્વયંસેવકોની મદદથી મદદરૂપ થવાનું કાર્ય કર્યું હતું. એક કિસ્સામાં મહારાષ્ટ્રના ગ્રામીણ વિસ્તારના એક યુવાનને કોવિડના કારણે ઓક્સિજન લેવલ ૪૫ પોઈન્ટ જેટલું નીચું થઈ જવા પામ્યુ હતુ અને ઓક્સિજનની અછત હતી ત્યારે પુણેના અગ્રણી તહેસીન પુનાવાલાની સંસ્થા પૂનાવાલા ફાઉન્ડેશનની મદદથી ઓક્સિજન સુવિધા સહિતની એમ્બ્યુલન્સ મોકલાવી તે યુવાનનો જીવ બચાવવામાં સફળતા મેળવી હતી. આવા તો અનેક કિસ્સા શાલીન ગાંધીએ તૈયાર કરેલા પ્લેટફોર્મના સેવાકાર્યો દરમ્યાન સર્જાયાં હતાં. આ સેવા કાર્યો દરમિયાન એક ઘટનામાં તેમની ટીમ દ્વારા ઑરંગાબાદ શહેરમાં સ્ટિંગ ઑપરેશન કરીને નકલી દવા વેચનારાઓને પોલીસને હવાલે કરાવવામાં પણ સફળતા પ્રાપ્ત કરી હતી જે કાર્યમાં તેમને કેન્દ્રીય ગૃહમંત્રી ને કાર્યાલયના સનદી અધિકારી સંજીવ ગુપ્તાનો પણ સહયોગ પ્રાપ્ત થયો હતો. તેમના સેવા કાર્યને સોશિયલ મીડિયા પર અભિનેત્રી ભૂમિ પેડનેકર સહિત સેલિબ્રિટીઓના પ્રોત્સાહન પણ પ્રાપ્ત થતા રહ્યાં છે.

મૂળ ખેડા જિલ્લાના ઉમરેઠના વતની અને મેડીકલ ક્ષેત્રે બિઝનેસ ધરાવતા સંજય ગાંધી તથા તેમના પત્ની સીમાબેન ગાંધીના પુત્ર શાલીન ગાંધીએ સંગીત સાથે જોડાયેલા પરિવારના પ્રોત્સાહનને પગલે તેમણે તૈયાર કરેલા પ્લેટફોર્મને સંગીતના એક રાગ 'યમન કલ્યાણ' નું નામ આપી હવે જે રાજ્યોમાં હજુ પણ કોરોનાનો કહેર યથાવત્ છે ત્યાં જેના ઘરમાં સમગ્ર પરિવાર કોરોનાને પગલે ક્વોરેન્ટાઈન હોય તેવા જરૂરિયાતમંદ વર્ગના પરિવારોને અનાજ-કરિયાણાની કીટ પહોંચાડવાનું કાર્ય શરૂ કર્યું છે. 'યમન કલ્યાણ' અંતર્ગત તેમની સાથે વીસેક સ્વયંસેવકોની ટીમ કાર્યરત છે જેમણે મળીને એક માસથી પણ ઓછા ગાળામાં અંદાજે પાંચસો જેટલા પરિવારોને અત્યાર સુધીમાં કુલ દોઢેક લાખ રૂપિયાની કિંમતની રેશનીંગ કીટ પહોંચાડી છે. આ સાથે તેઓ પુણેમાં આવા ક્વોરેન્ટાઈન પરિવારોને બે ટંકનુ ભોજન પણ પુરુ પાડી રહ્યાં છે અને જરૂર પડે તો ગુજરાતમાં પણ આ સેવા શરૂ કરવાની તેમની તૈયારી છે. ગાંધીનગરના આ યુવાને સોશિયલ મીડિયાની તાકાતનો સન્માર્ગે ઉપયોગ કરી દેખાડી અનેક યુવાનોને નવી રાહ ચીંધી છે.

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@gmail.com

# ગાંધીનગર અમદાવાદમાં એક સપ્તાહ સુધી વરસાદ થવાની શક્યતાઓ નહિવત

ગાંધીનગર, તા.૨૭
અમદાવાદમાં છેલ્લા ચારેક દિવસથી વરસાદે વિરામ લેતાં લોકો બફારાથી હેરાન થઈ રહ્યાં છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે શહેરમાં આગામી ૬ દિવસ સુધી વરસાદ થવાની કોઈ સંભાવના નથી. શહેરમાં છુટા છવાયા ઝાપટાં પડી શકે છે. હવામાન વિભાગના મતે અમદાવાદમાં આગામી જુલાઈના પ્રથમ સપ્તાહની શરૂઆત સુધી માત્ર વાદળછાયું વાતાવરણ રહેશે. હવામાન અંગે આગાહી કરતી ખાનગી સંસ્થાના અનુમાન પ્રમાણે અમદાવાદમાં જુલાઈના પ્રથમ સપ્તાહ બાદ જ વરસાદ થઈ શકે છે. આજે રાજયના ૨૩ જિલ્લામાં વરસાદ થયો છે. જેમાં સૌથી વધુ ભાવનગરના ઉમરાળામાં દોઢ ઈંચ અને વલ્લભીપુરમાં પોણો ઈંચ વરસાદ નોંધાયો છે. જયારે રાજયમાં અત્યાર સુધીમાં ૧૨.૫૯ ટકા વરસાદ નોંધાયો છે.

ચોમાસાની વર્તમાન સિઝનમાં અમદાવાદ શહેરમાં અત્યારસુધી ૫.૧૧ ઈંચ જયારે અમદાવાદ જિલ્લામાં ૩.૭૪ ઈંચ સરેરાશ વરસાદ નોંધાઈ ચૂક્યો છે. શહેરમાં છેલ્લા ચારેક દિવસથી વરસાદે વિરામ લેતાં બફારો વધ્યો છે. લોકો બફારાથી પરેશાન થઈ રહ્યાં છે. ત્યારે હવામાન વિભાગે અમદાવાદ શહેરમાં આગામી એક સપ્તાહ સુધી વરસાદ નહીં થવાની શક્યતાઓ વ્યક્ત કરી છે. તેમજ જુલાઈના પ્રથમ સપ્તાહની શરુઆતમાં જ વરસાદ ફરીવાર શરૂ થશે તેવી પણ આગાહી કરવામાં આવી છે.